જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૫/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૨૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૨૭૫ લીટર દેશી દારૂ, ૧૨૮૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ લોડીંગ રિક્ષા અને ૦૧ ઓટો રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૦૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૨૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૭૨૯/૨૦૨૬**

શાહપુરઃ યાસીનભાઈ ભુલ્લુભાઈ શાહ (ઉ.વ.૪૮) (રહે. રામનિવાસ બિલ્ડીંગ રહેમાની ગલી શાહપુર મિલ કંપાઉન્ડ શાહપુર) એ તા.૨૩/૦૫/૨૦૨૬ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૪/૨૦૨૬ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૬૨૯૪૫૮૯૯૭૧ ધારકે યાસીનભાઈ શાહને ફોન કરી પંજાબ નેશનલ બેન્કમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી જણાવેલ કે તમારા ક્રેડીટ કાર્ડમાં બેસ્ટ ઓફર છે અને તમને સારી ફેસીલીટી મળશે એટલે તમે તમારા ક્રેડીટ કાર્ડના ફોટા તમારા મોબાઈલ ફોનમાં ગેલેરીમાં સેવ કરી રાખો હું તમને પછી ફોન કરીશ તેમ જણાવેલ. ત્યારબાદ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૬૨૯૪૫૮૯૯૭૧ ધારકે ફોન કરી ક્રેડીટ કાર્ડની લીમીટ વધારી આપવાની વાત કરી ટેક્સ મેસેજ કરી લીંક મોકલી તેમજ વોટસએપ ઉપર મેસેજ કરી ફાઈલ મોકલી લીંક તેમજ ફાઈલ ખોલાવી ૩૦ મીનીટ સુધી ફોન ચાલું રાખેલ દરમ્યાન યાસીનભાઈ શાહના ક્રેડીટ કાર્ડની વિગતો મેળવી લઈ યાસીનભાઈ શાહના ICICI કંપનીના ક્રેડીટકાર્ડમાંથી રૂપિયા ૧,૦૫,૫૫૨/– RBL કંપનીના ક્રેડીટકાર્ડમાંથી રૂપિયા ૮૨,૦૩૭/– તથા HDFC કંપનીના ક્રેડીટ કાર્ડમાંથી રૂપિયા ૧,૩૯,૯૯૭/– મળી કુલ રૂપિયા ૩,૨૭,૫૮૬/– ઓનલાઇન ટ્રાન્જેક્શન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી વી.એસ.વાઘેલા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૭૩૦/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ ઉત્તમકુમાર હિરારામ ઘાંચી (રહે. રણછોડનગર જગતપુર રોડ ચાંદલોડીયા) એ તા.૨૩/૦૫/૨૦૨૬ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૫/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી તા.૨૦/૦૫/૨૦૨૬ સવારના ૦૯/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સોલા વંદેમાતરમ આર્કેડ વંદેમાતરમ ચાર રસ્તા નજીક શુકન રેસીડેન્સીમાં આવેલ એ–વન મોબાઈલ નામની દુકાન નંબર–૩૧ મોબાઈલની દુકાનનું તાળું તોડી અજાણી વ્યક્તિ દુકાનનું શટર ખોલી દુકાનમાં પ્રવેશ કરી ટેબલના ખાનામાંથી રોકડ રૂપિયા ૫૫,૦૦૦/– તથા સોનાની એક જોડ બુટી કિમત રૂપિયા ૧૦,૦૦૦/– તેમજ જરૂરી દસ્તાવેજ સાથેનું પાકીટ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૭૩૧/૨૦૨૬**

સરખેજઃ સેટેલાઇટ આંબલી ઇસ્કોન રોડ ગાલા નામની નવી બનતી સાઇટની લેબર કોલોની ખાતે રહેતા અને મજુરી કામ કરતા મહેશભાઇ કાળુભાઇ પરમાર (ઉ.વ.૧૯) (મુળ વતન. રોજી ફળીયુ ટુંકી વજુ તા–ગરબાડા જી–દાહોદ) તા.૨૩/૦૫/૨૦૨૬ બપોરના ૦૨/૩૦ વાગ્યાના સુમારે ઇસ્કોન આંબલી રોડ ઇટરનીટી નામની નવી બનતી સાઇટ ખાતે કામ કરતા હતા ત્યારે ૨૧ મા માળથી ક્રેનમા લગાવેલ લોખંડના બેકેટનો રસ્સો તુટી જતા ભોયતળીયે રહેલ મહેશભાઇ પરમાર નાઓના ઉપર પડતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રભાતસિંહ વખતસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૭૩૨/૨૦૨૬**

શાહપુરઃ સિધ્ધાર્થ ગોપલભાઇ દાતણીયા (ઉ.વ.૨૪) (રહે. કૃષ્ણાચોક ઓત્તમપોળ સામે દરગાહવાળી ગલી નાગોરીવાડ શાહપુર) નાઓએ અગમ્ય કારણસર તા.૨૧/૦૫/૨૦૨૬ બપોરના ૦૧/૦૦ થી તા.૨૩/૦૫/૨૦૨૬ કલાક ૦૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.ચૌધરી ચલાવે છે.

ગાયકવાડ હવેલીઃ અસ્મા ખાલીદભાઇ બ્યાવરવાલા (ઉ.વ.૩૭) (રહે. અસદઉસદ ફ્લેટ મદીના જ્વેલર્સની બાજુમાં જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૫/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે રસ્સી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.સોલંકી ચલાવે છે.

ગોમતીપુરઃ જય જસવંતભાઈ સુર્યવંશી (ઉ.વ.૨૭) (રહે. પરષોત્તમ મોદીની ચાલી રાજપુર ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૫/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદસિંહ રણધીરસિંહ ચલાવે છે.

મેઘાણીનગરઃ મેઘાણીનગર કલાપીનગર ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે સુનિલભાઇ લક્ષ્મણભાઇ પટણી નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૩/૦૫/૨૦૨૬ બપોરના ૦૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.પી.એરૂણકર ચલાવે છે.

ખોખરાઃ કનૈયાલાલ શંકરભાઇ વારેસા (ઉ.વ.૫૭) (રહે. નવનિર્માણ વિભાગ–૦૨ ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૫/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે નવનિર્માણ વિભાગ–૨ ના સીડીના ઘાબા ઉપરથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જયેન્દ્રકુમાર છગનલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી